# પ્રાચીન તીર્થ શ્રી કુંભારિયાજી



શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
અમદાવાદ

મુખ્ય જિનાલયનું મનોહારી દૃશ્ય







પ્રકાશક : મહેન્દ્ર શાહ : જનરલ મેનેજર
શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદા મંદિર રોડ,પાલડી, અમદાવાદ૩૮૦ ૦૦૭
ફોન નં. ૦૭૯-૨૬૬૪૪૫૦૨ / ૨૬૬૪૫૪૩૦ ફેક્સ : ૦૭૯ - ૨૬૬૦૮૨૪૪
E-mail : shree_sangh@yahoo.com, info@anandjikalyanji.com
પ્રથમ સંસ્કરણ : ઓગષ્ટ - ૨૦૧૫
નકલ : ૫૦૦૦ મૂલ્ય ₹ ૩૦/-
મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ, (નિકુંજ શાહ) અમદાવાદ મો. ૯૮૨૫૨૬૧૧૭૭
ડીઝાઈન : વિજય પંચાલ • ફોટોગ્રાફી : પલક ઝવેરી (ઝવેરી સ્ટુડીયો )

# પ્રાચીન તીર્થ કુંભારિયાજી

રાજસ્થાનના વિખ્યાત આબુરોડ સ્ટેશનથી ૧૪ માઈલ દૂર તથા ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થધામ અંબાજીથી ૨ કિલોમીટર દૂર કુંભારિયા નામે ગામ છે. પ્રાચીન શિલાલેખમાં આલેખાયેલું "આરાસણ" એ જ આ કુંભારિયા. શિલાલેખો ઉપરથી જણાય છે કે, સત્તરમાં સૈકા સુધી આ ગામ "આરાસણ"ના નામે પ્રસિદ્ધ હતું. તેને બદલે "કુંભારિયા" નામ કેમપડ્યું હશે એ જાણી શકાતું નથી. ડૉ. ભાંડારકર કહે છે, "કુંભારિયાની આસપાસ અવશેષો પડેલા છે તે ઉપરથી એક જમાનામાં અહીં ઘણા જિનમંદિરો હોવા જોઈએ એવું અનુમાન નિકળે છે." ફાર્બસ સાહેબ ઉમેરે છે કે, "ધરતીકંપના લીધે આરાસણનાં ઘણા ખરા મંદિરો જમીનદોસ્ત થઈ ગયાં હશે." પણ એ માટે કશું પ્રમાણ જડતું નથી. અલબત્ત એક કાળે આ ગામમોટું નગર અને વેપાર મથક હોઈ શકે, અહીંની વસ્તી ક્યારે, શા કારણે જતી રહી તે જાણવાને કશું સાધન નથી. આજે તો થોડી ઘણી વસ્તી અને અન્ય દેવાલયો તથા ધર્મસ્થાનોથી ધબકતા બનેલા આ પ્રદેશમાં ૫ જિન મંદિરો એક જ સંકુલમાં છે.

**પ્રાચીનતાના સંદર્ભો :** આરાસણગ્રામની સ્થાપના મોટે ભાગે તો ૧૫મા શતકના દ્વિતીય ચરણના આરંભના અરસામાં થઈ હશે. અહીં પ્રાપ્ત થતા જૂનામાં જૂના સંવત ૧૦૮૭ (ઇ.સ. ૧૦૩૧)ના પબાસણ પરના લેખમાં આરાસણનગર પાટણપતિ, ચૌલુક્યવંશી મહારાજ ભીમદેવ પ્રથમને અધીન હોવાનું જણાવવામાં આવ્યું છે. ખરતરગચ્છ પટ્ટાવલીમાં વિમલમંત્રીએ આરાસણમાં અંબિકાનો પ્રાસાદ નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ આવે છે. પ્રસ્તુત પ્રાસાદ તે અંબાજીમાં રહેલ અંબિકાનું મંદિર, કે અન્ય કોઈ, તે કહેવું કઠિન છે. મંત્રીશ્વર વિમલનું કુળ ધનુહાવીની એટલે કે 'ચંડિકા'ની કુલાંબાના રૂપમાં ઉપાસના કરતું હતું. તે વાત જૈન ગ્રંથ પ્રશસ્તિઓ-પ્રબંધો દ્વારા સુવિદિત છે. બીજી બાજુ મંત્રીશ્વરના સમયની જૈન યક્ષી અંબિકાની બે આરસની પ્રતમાઓ આબૂ પર વિમલવસહીમાં ઉપલબ્ધ હોઈ, જૈનમતાનુકૂલ અંબિકાની પણ મંત્રીશ્વર ઉપાસના કરતા હશે. (સ્વ) મુનિશ્રી પુણ્યવિજયજીને પ્રાપ્ત થયેલી જેસલમેરના ભંડારની એક પુરાણી તાડપત્રીય પ્રતિમા ચંદ્રાવતીના દંડનાયક વિમલે આબૂ પર જિનમંદિર બંધાવ્યા પૂર્વે આરાસણમાં આદીશ્વરદેવનો પ્રાસાદ બંધાવ્યાની હકીકત નોંધાયેલી હોવાનું કહેવામાં આવે છે. બીજી બાજુ ૧૫મા શતકમાં રચાયેલી ખીમા કૃત ચૈત્યપરિપાટીમાં, શીલવિજયજી તીર્થમાળા સંવત ૧૭૨૨ (ઇ.સ. ૧૬૬૬ પશ્ચાત)માં તેમજ સૌભાગ્યવિજયજીની તીર્થમાળા સંવત ૧૭૫૦ (ઇ.સ. ૧૬૯૪)માં આરાસણમાં વિમલમંત્રી કારિત આદિનાથના મંદિરનો વિમલવસહી કિંવા વિમલવિહારનો-નિર્દેશ છે. મંત્રીશ્વરનું મંદિર બંધાવ્યા પછી અહીં ૧૧મી સદીના ઉત્તરાર્ધથી લઇ ૧૩મા શતકના પૂર્વાર્ધ સુધીમાં આરસનાં અન્ય ચાર મંદિરો બંધાયાં છે.



શ્રી શાંતિનાથ જિનાલય



શ્રી પાર્શ્વનાથ જિનાલય



શ્રી સંભવનાથ જિનાલય



શ્રી મહાવીરસ્વામી જિનાલય




**પહેલી નજરે :** આરાસણમાં પ્રવેશતાં ઉત્તર-દક્ષિણ રસ્તાને અંતે સૌથી પહેલાં ભગવાન નેમિનાથનું મહામંદિર નજરે પડે છે : નેમિનાથના ભવનથી ઠીક ઠીક ઈશાનમાં અત્યારે શાંતિનાથનું મંદિર આવે છે. પ્રસ્તુત મંદિરથી અગ્નિકોણમાં મહાવીર સ્વામીનું મંદિર છે, અને તેની બાજુમાં અગ્નિકોણમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે : જ્યારે સંભવનાથનું મંદિર નેમિનાથના જિનાલય અને સારાયે સમૂહથી જરા દૂર, કંઈક વાયવ્ય કોણમાં આવેલું છે.

આ પાંચે મંદિરો ઉત્તરાભિમુખ છે, આલીશાન અને ઐતિહાસિક છે. એની સ્થાપત્ય કળા આજે પણ દર્શનાર્થીઓને આબુ પરના દેલવાડાનાં મંદિરો જેટલી જ મુગ્ધ બનાવે છે.



## શ્રી નેમિનાથ ભગવાનનું જિનાલય

કુંભારિયાના પાંચે મંદિરોમાં આ મંદિર સૌથી મોટું, ઉન્નત અને વિશાળ છે. આ મંદિર મૂળગભારો, વિશાળ ગૂઢમંડપ, દશચોકી, સભામંડપ, ગોખલા, શૃંગારચોકી બંને બાજુના મોટા ગભારા ચોવીશ દેવકુલિકાઓ વિશાળ રંગમંડપ, શિખર અને કોટથી યુક્ત છે. મંદિરનું દ્વાર ઉત્તર દિશામાં છે.

મંદિરમાં બહારના દ્વારથી પ્રવેશ કરતાં રંગમંડપ સુધી જવા માટે પગથિયાં છે. પગથિયાં ઉપર નોબતખાનાનો ઝરુખો છે. મંદિરનું શિખર ઉન્નત અને વિશાળ છે. આનું શિખર તારંગાના પહાડ ઉપર આવેલા શ્રી અજિતનાથ ભગવાનના દેરાસરના શિખરને મળતું આવે છે. સમગ્ર શિખર આરસપહાણનું બનેલું છે.



સભામંડપનું નયનરમ્ય દૃશ્ય




## મંદિરની મૂર્તિઓ અને લેખો

દેરાસરની બાંધણી એવી માપસર અને સુંદર છે કે, મંદિરના પ્રવેશદ્વાર ઉપર ઊભા રહીને પણ મૂળનાયક ભગવંતના દર્શન થઈ શકે.

મૂળગભારામાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની ભવ્ય અને રમણીય મૂર્તિ બિરાજમાન છે. તેમની આસપાસ પાષણનું એક તીર્થીનું મોટું પરિકર હતું અને મોટા બે ઇન્દ્રો પણ હતાં તે જિર્ણોદ્ધાર વખતે ખંડિત થતાં મંદિરની પાછલી ભમતીમાં મૂકાયેલા. આ મૂળનાયકની મૂર્તિના પબાસણ ઉપર સંવત–૧૬૭૫ માં આચાર્ય વિજયદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

ગૂઢમંડપમાં મોટા પરિકરયુક્ત ચાર કાઉસગ્ગિયા પ્રતિમાઓ છે. તેમા મુખ્ય દરવાજા પાસેના કાઉસગ્ગિયા ઉપર સંવત–૧૨૧૪ ના લેખો છે. તેમાં “આરાસણનગર - નેમિનાથ ચૈત્યમાં આ કાઉસગ્ગિયા સ્થાપન કર્યા એમ લખેલું છે. બીજા બે કાઉસગ્ગિયા ઉપર સંવત ૧૨૧૪ના લેખો છે.

સંવત ૧૩૦૧ ના લેખવાળો એક ૧૭૦ જિનનો સુંદર પટ છે. પરિકરમાંથી છૂટા પડેલા ૪ કાઉસગ્ગિયા અને ૧ યક્ષની પ્રતિમા છે. કાઉસગ્ગિયા પાસે ભીંત અગર સ્તંભમાં બે મૂર્તિઓ છે અને ૧ ધાતુની પંચતીર્થી છે.

અહીં છ ચોકીને બદલે બે હારમાં થઈને દશ ચોકી છે. તેમાં ડાબા હાથ તરફની ચોકીના ગોખલામાં નંદીશ્વરદ્વીપની સુંદર રચના કરેલી છે. તેના ઉપર સંવત ૧૩૨૩ નો લેખ છે. તેની બાજુના એક સુંદર ગોખલામાં એક કાઉસગ્ગિયા પ્રતિમા છે. જેની ઉપર એક જિન પ્રતિમા બિરાજમાન છે.



કોતરણીથી ભરેલા સ્તંભો

જમણા હાથ તરફની છચોકીની એક દેરીમાં અંબાજી માતાની મોટી મૂર્તિ છે. છચોકીના ડાબા હાથ તરફના કોરણીભર્યા એક સ્તંભ ઉપર સંવત ૧૩૧૦ ના વૈશાખ સુદી 5નો લેખ છે. એ સ્તંભ 'પોરવાડ શ્રેષ્ઠી આસપાલે આરસણનગરના અરિષ્ટનેમિ જિનાલયમાં ચંદ્રગચ્છીય શ્રીરત્નપ્રભસૂરિના ઉપદેશથી એક સ્તંભ યથાશક્તિ બનાવ્યો' એવી હકીકત લખી છે. છચોકીનાં સામેના બે ગોખલા ખાલી છે. તે પૈકી એકમાં ખાલી પરિકર છે. બાજુમાંના ત્રણ ગોખલા મૂર્તિ વિનાના છે. સભામંડપના ડાબા હાથ તરફના ગભારામાં મૂળનાયક શ્રી આદીશ્વર ભગવંતની આરસપહાણની એકતીર્થી પરિકરયુક્ત મનોહર પ્રાચીન પ્રતિમા છે. આ મૂર્તિની શ્રી વિજયદેવસૂરિએ સંવત ૧૬૭૫ માં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. એ ગભારામાં બાજુના બે ગોખલામાં મૂર્તિઓ નથી પણ સંવત ૧૩૩૫ લેખોવાળાં પરિકરો છે.

જમણા હાથ તરફનાં ગોખલામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રાચીન એક તીર્થના પરિકરયુક્ત ભવ્ય અને દર્શનીય પ્રતિમા છે. આ પ્રતિમા એવડી મોટી છે કે નીચે ઉભા રહીને ભગવંતના લલાટની પૂજા કરી શકાતી નથી. તેથી તેની બાજુમાં લાકડાનું સ્ટેન્ડ મૂકેલ છે.

મૂળગભારાની પાછળના ભાગની મંદિરની ભીંતમાં સુંદર કોરણી કરેલી છે. મંદિરની પાછલી ભમતીમાં પરિકર, સેંકડો ટુકડા, પબાસણ અને ગાદીના ટુકડા, કાઉસગ્ગિયા, પરિકરમાંથી છુટા પડી ગયેલા ખંડિત-અખંડિત ઈંદ્રો, અનેક સ્તંભોયુક્ત નકશીદાર સુંદર તોરણો વગેરે પડેલાં છે. વળી, આમાં જિનમાતૃપટો, ચોવીશીના પટો છે, જેમાં લગભગ સો જેટલા લેખો પણ છે. એક લેખ સંવત ૧૨૦૪ નો છે એટલે એ પહેલાં આ મંદિર બન્યું હશે, કેમકે

તેમાં "આરાસણ-અરિષ્ટનેમિચૈત્ય" એવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો વાંચી શકાય છે.

મંદિરના પાછલા ભાગના ગોખલામાં "સમળીવિહાર"ના પટનો નીચેનો અર્ધ ભાગ ચોંટાડેલો છે.

આ પટમાં લંકાના રાજા બેઠેલા છે. તેમના ખોળામાં રાજકુમારી છે. ભેટણું ધરીને ઉભેલા ગૃહસ્થો, પાદુકા અને અશ્વ વગેરેની આકૃતિ આરસમાં કોતરેલી છે.

બાકીનો ઉપરનો અડધો પટ અહીં દેરીઓ પાસે જ્યાં દેરીઓના પબાસન વગેરે કાઢી નાંખેલા છે ત્યાં દિવાલ પાસે મૂકેલા છે, તેમાં સમુદ્ર, નર્મદા નદી, ઝાડી, સમળી, પારધી, જૈનાચાર્ય અને વહાણની સુંદર આકૃતિ આલેખી છે.

આ બંને ભાગને સાંધીને એકજ સ્થળે ચોંટાડવાથી લેખ શિલ્પકૃતિ જળવાઈ રહી છે. આબુ ઉપરનાં મંદિરમાંના પટ જેવો જ આ પટ છે, તેની ઉપર સંવત ૧૩૩૮ નો લેખ છે.


આ દેવાલયની જગતીમાં-ભિટ્ટમાં ચારે બાજુએ ફરતી ગજસર છે. તેમજ નર-નારી જોડલાની નરસર છે. તુદપરાંત દેવ, યક્ષ, યક્ષિણીનાં મોટાં પૂતળાં ફરતે બેસાડેલાં છે, કેટલેક સ્થળે જોડલાંની આકૃતિઓ પણ કોરેલી નજરે પડે છે.

મંદિરમાં ઘૂમટના અમલસારની નીચે ચારે બાજુએ મોઢાં મૂકેલાં છે. મંદિરમાંની દેવકુલિકાઓના અગ્રભાગના છેડા ઉપર આવેલાં સ્તંભો, તેમજ દેવગૃહની પરસાળમાંના સ્તંભો આબુ ઉપર આવેલા દેલવાડાના વિમલસહી મંદિરના જેવા જ છે.

રંગમંડપની બીજી બાજુ ઉપરના દરવાજામાં તેમજ છેડેના બે સ્તંભોની વચ્ચેની કમાનો ઉપર મકરનાં મુખો મૂકવામાં આવ્યાં છે. એ તોરણ ઉપરના પથ્થરની નીચેની બાજુને સ્પર્શે છે.



છતનું કલાત્મક દૃશ્ય



૧૭૦ જિનનો પટ્ટ



શ્રી નંદીશ્વરદ્વીપ

આ તોરણ આબુ ઉપરના વિમલસહી મંદિરમાંના તોરણ જેવું જ છે.


મંડપના સ્તંભોની તેમજ પરસાળના સ્તંભોની ખાલી કમાનો, જે ગૂઢમંડપના હારની બરાબર સામે રહેલી છે અને ઉપરના પાટડાની નીચે આવેલા આગળા ઉપરથી જણાય છે કે, પહેલાં આવાં બીજા કેટલાંક તોરણો અહીં હતાં પણ આજે તે નષ્ટ થયાં લાગે છે.

મંદિરમા બધા મળીને ૯૪ સ્તંભો છે. જેમાં ૨૨ સ્તંભો સુંદર કોતરણીવાળા છે. અને બીજા સ્તંભો સાદા છે. કોતરણીવાળા સ્તંભોમાં દેવ-દેવીઓ અને વિદ્યાધરીઓની આકૃતિઓ આલેખી છે.

રંગમંડપમાં પૂજા-મહોત્સવ વખતે સ્ત્રીઓને બેસવાના ઝરુખાઓ પણ છે.



રંગમંડપ




અહીં ઝીણી નજરે તપાસતાં જૂના કામને બદલે નવું કામ એવી જ સફાઈથી કર્યું હોવાનું જોવાય છે. સભામંડપના ઘૂમટમાં ત્રણસો વર્ષ પહેલાં રંગનું કામ કરેલું છે તે જાણે તાજું જ હોય એવું દેખાય છે. રંગમંડપમાં પણ કોતરણી ઉપર રંગ કરેલો છે. આ રંગમંડપ અને ચોકીની કોરણી આબુ ઉપરના દેલવાડાનાં મંદિરમાની કોતરણી જેવી અત્યંત સુંદર છે.

મંડપના મધ્યભાગ ઉપર આધુનિક છાપરૂ છે. જેનો આકાર ઘૂમટ જેવો છે. તેના ઉપર રંગ કરેલો હોવાથી તે શોભાયમાન લાગે છે. આજુબાજુએ એક વાંસનું પાંજરૂં મૂકેલું છે. જેથી તેમા પંખીઓ કે ચામાચીડીયાં પ્રવેશી શકતાં નથી.

મંદિરની દેવકુલિકાની ભીંતો પ્રાચીન છે. પણ શિખર તેમજ ગૂઢમંડપની બહારનો ભાગ પાછળથી બનાવેલો હોય એમ લાગે છે. તેને ઇંટથી ચણી લઈ પ્લાસ્ટર કરીને આરસ જેવો સાફ કરેલો છે. મંડપના બીજા ભાગની છત તથા ઓસરીની છત સાદી કે અર્વાચીન છે. મૂળગભારાની જમણી બાજુએ ઉપરના ભાગે પાટડાને ટેકો આપતી જે ત્રણ કમાનો ચણેલી છે તે સાથેના સ્તંભ સુધી લંબાવેલી છે.

**મંદિર નિર્માતા**

શ્રી ધર્મસાગર ગણિએ રચેલી 'તપાગચ્છ-પટ્ટાવલી'માં જણાવ્યું છે કે, વાદિદેવસૂરિએ (સમય વિક્રમસંવત - ૧૧૭૪ થી ૧૨૨૬) આરાસણમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી. 'ઉપદેશ સપ્તતિ' ગ્રંથ પ્રમાણે પાસિલ નામના શ્રેષ્ઠિએ આ શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું અને શ્રી વાદીદેવસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી હતી.






## શ્રી મહાવીરસ્વામી ભગવાનનું મંદિર

શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરની પૂર્વ બાજુની ટેકરીથી નીચા ભાગમાં ઉત્તરદિશાના દ્વારવાળું શ્રી મહાવીરસ્વામી ભગવાનનું મંદિર છે. આ મંદિરને બીજાં પૂર્વ અને પશ્ચિમતરફનાં દ્વાર પણ છે પરંતુ તે બંધ રાખવામાં આવે છે. પૂર્વ બાજુનું દ્વાર પેઢીના આગળ ચોકમાં પડે છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, શૃંગારચોકીઓ, તેની સામે આઠ ગોખલા અને બંને તરફની આઠ-આઠ દેવકુલિકાઓ મળીને કુલ ૨૪ દેરીઓ અને શિખરથી સુશોભિત છે. આખુંયે મંદિર આરસપાષાણનું બનેલું છે. મૂળગભારામાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનની એકતીર્થના પરિકરયુક્ત મનોહર અને ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. મૂળનાયકની મૂર્તિ ઉપર સંવત ૧૬૭૫ નો શ્રી વિજયદેવસૂરિએ આ આરાસણના નગરમાં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. મૂળનાયકના પરિકરની ગાદી નીચે સંવત ૧૧૨૦ નો જૂની લિપિમાં લેખ છે. તેમાં પણ આરાસણના નામનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરથી જણાય છે કે, આ મંદિર લગભગ એ સમયમાં કે તે પહેલાં બનેલું હોવું જોઈએ.મૂળનાયકની બંને બાજુએ એકેક યક્ષની તેમજ એક અંબાજી માતાની પ્રતિમા છે.

ગૂઢમંડપમાં પરિકરયુક્ત બે ભવ્ય કાઉસ્સગ્ગીયા પ્રતિમાઓ છે. તે બંને ઉપરના લેખો કંઈક ઘસાઈ ગયા છે પણ તે સંવત ૧૧૧૮ ના લેખો હોવાનું સ્પષ્ટ જણાય છે. અહીંથી મળી આવેલા પ્રતિમાલેખોમાં આ લેખ સૌથી પ્રાચીન છે. આ લેખ કરતાંયે પ્રાચીન એવા સંવત ૧૦૮૭ નાં લેખની નોંધ મુનિશ્રી જયંતવિજયજીએ પોતાના પુસ્તક કુંભારિયાનાં પરિશિષ્ટમાં નોંધી છે. એ લેખથી જણાય છે કે આ મંદિર સંવત–૧૦૮૭ પહેલાં બની ચૂક્યું હતું.






ભવ્ય રંગમંડપ તથા કલાત્મક સ્તંભો

મૂળગભારાની બારશાખમાં બંને બાજુએ એકેક નાની કાઉસગ્ગીયા પ્રતિમાઓ કોતરેલી છે. ત્યાં પરિકરથી છૂટી પડેલી બીજી ૩ કાઉસગ્ગીયા પ્રતિમાઓ પણ છે.

બધી દેવકુલિકા અને ગોખલાઓ મળીને કુલ ૨૪ છે. તે પૈકી એકમાં પરિકર નથી, ત્રણ દેરીમાં જે પરિકરો છે તે અધૂરાં છે. એકમાં ત્રણ તીર્થીનું પરિકર છે. બાકીની બધીયે દેરીઓમાં પંચતીર્થીનાં આખા પરિકરો લાગેલાં છે. દેરીઓના પબાસણની ગાદી ઉપર પ્રાયઃ બધા ઉપર સંવત-૧૧૪૦ થી સંવત-૧૧૪૫ સુધીના લેખો હોવાનું જણાય છે. ઉપર્યુક્ત પરિકરોમાં જિનપ્રતિમાઓ નહોતી પણ મહુડિયા પાદર નામના ગામના ખંડિયેર દેરાસરમાંથી આવેલી પ્રતિમાઓ અહીંની દેરીઓમાં પધરાવેલી છે.

કુંભારિયાથી આશરે ૨૦ ગાઉ ઉપર દક્ષિણ દિશામાં દાંતા રાજ્યની હદમાં મહુડિયાપાદર નામે ગામ છે. તેની પાસેના જંગલમાં લગભગ અડધા માઈલ જેટલી જગામાં દેરાસરનાં ખંડિયેરોમાં મોટો પથ્થર ઉખેડાતો હતો ત્યારે પથ્થર ઉપાડતાં ભોયરૂં જણાયું. દાંતાના રાજવીને આ હકીકતની જાણ થતાં તેમણે તે સ્થળે ચોકી બેસાડી પાકો બંદોબસ્ત કર્યો. સંવત ૨૦૦૦ (ઇ.સ. ૧૯૪૪)માં દાંતા રાજ્ય તરફથી જંગલ સાફ કરાવીને ભોયરું ખોલવામાં આવ્યું તો તેમાંથી જિનપ્રતિમાઓ નીકળી આવી. ને બધી પ્રતિમાઓ દાંતા લાવવામાં આવી. તે બધી પ્રતિમાઓ શ્વેતાંબર જૈન આમાન્યની હોવાનો નિર્ણય થતાં રાજ્યે દાંતાનાં શ્રી જૈન સંઘને તે પ્રતિમાઓ સુપરત કરી. તે પ્રતિમા કુંભારિયાના જિનાલયમાં સ્થાપન કરવાની સૂચના થતાં દાંતાના શ્રી સંઘે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ખબર આપી અને કુંભારિયાજીમાં પણ સમાચાર મોકલ્યા. સંવત ૨૦૦૦ (ઇ.સ. ૧૯૪૪)ના માહ મહિનાની વદિ ૧૩ ના દિવસે એ બધી પ્રતિમાઓને ગાડામાં પધરાવી કુંભારિયાજીમાં લાવ્યા. ચક્ષુટીકાથી




વિભૂષત કરીને સંવત ૨૦૦૧ ના જેઠ સુદિ ૧૦ના રોજ અઢાર અભિષેક કરીને તે બધી પ્રતિમાઓ શ્રી મહાવીરસ્વામી ભગવાનના દેરાસરની દેરીઓમાં સ્થાપિત કરી.


મંદિરના દક્ષિણ દિશાના દ્વારથી પ્રવેશ કરતાં ડાબા હાથ તરફ એક સમવસરણની દેરી છે. તેમાં પ્રતિમાજી નથી. પણ સમવસરણની નકશીભરી રચના પીળા આરસ ઉપર કરેલી છે અને એ છત્રીવાળા સમવસરણમાં ત્રણ ગઢ અને પર્ષદાની સ્પષ્ટ આકૃતિઓ કોરેલી છે.

રંગમંડપના વચલા ભાગમાં ઉંચે કોરણીભર્યો એક ઘૂમટ છે, જે ભાંગેલો છે તે રંગેલો અને ધોળેલો છે. આ ઘૂમટનો આધાર અષ્ટકોણાકૃતિમાં આવેલા પરસાળના છે. અને તે આબુના વિમલશાહના દેવાલયના સ્તંભો જેવા છે. બાકીના સાદા છે. પહેલાં આ સ્તંભની દરેક જોડને મકરના મુખથી નીકળેલા તોરણોથી શણગારવામાં આવી હતી પણ હાલ એક સિવાય બધાં તોરણો નષ્ટ થયા છે. રંગમંડપના બીજા ભાગોની છતના જુદા-જુદા વિભાગો પાડ્યાં છે. જેના ઉપર આબુના વિમલશાહના દેરામાં છે તેવાં જૈનચરિત્રોનાં જુદાં જુદાં દ્રશ્યો આલેખવામાં આવ્યાં છે.

છચોકી તથા સભામંડપ અને ભમતીની દેરીઓની વચ્ચેના બંને તરફના થઈને છતના ૧૪ ખંડોમાં ખૂબ કોરણી છે. તેમાંના પાંચ ખંડોમાં સુંદર ભાવો કોતરેલા જણાય છે.

૧. રંગમંડપ અને ભમતીની દેરી વચ્ચેની છતના જમણા હાથ તરફના સાતમાં ખંડમાં-અતીત અને ભાવિ ચોવીશીનાં માતા-પિતા એકેક છત્રપર કોરેલા છે.

૨. બીજા ખંડમાં-વર્તમાન ચોવીશી તથા તેમનાં માતા-પિતા છે. તે જ ખંડમાં ચૌદ સ્વપ્ન છે. ઈંદ્ર મહારાજે ભગવાનને મેરુ પર્વત ઉપર લઈ જઈને ખોળામાં બેસાડ્યા છે અને બંને બાજુ ઈંદ્ર મહારાજ કળશો દ્વારા અભિષેક કરે છે. કમઠ તાપસ પંચાગ્નિનો તપ કરે છે તે વખતે પાર્શ્વકુમાર સેવક મારફત લાકડામાંથી સર્પ કાઢી બતાવે છે. તે પછી ધરણેન્દ્ર ભગવાનને



નમસ્કાર કરવા આવ્યો છે. પાર્શ્વનાથ પ્રભુનું સમવસરણ તથા અનુત્તર વિમાનના ભવ વગેરે ભાવો કોતરાયેલા છે.

૩. ત્રીજી છતમાં-શ્રી શાંતિનાથ ભગવાનનું સમવસરણ છે તેમનાં માતાપિતા વગેરે છે - બીજી બાજુએ શ્રી નેમિનાથ ભગવાનના પંચકલ્યાણકનો ભાવ કોતરેલો છે.

૪. છઠ્ઠા ખંડમાં - મહાવીરસ્વામી ભગવાનના પાછલા સત્તાવીસ ભવો તેમજ પંચકલ્યાણક અને તેમના જીવન સંબંધી વિશિષ્ટ ઘટનાઓ છે અને ચંદનબાળાના પ્રસંગો જેવા કે તપસ્યા, કાનમાં ખીલા ઠોકવા, ચંડકૌશિક નાગ વગેરે ઘટનાઓ છે. સાતમા ખંડમાં પણ ઋષભદેવ ભગવંતના પંચકલ્યાણકનો ભાવ તથા ચાર, પાંચ હાથી, ઘોડા વગેરેના વિશિષ્ટ ભાવ છે. બધા ભાવો ઉપર નામો લખેલા છે.

૫. ડાબી બાજુના સાતમાં ખંડમાં-આચાર્ય મહારાજ સિંહાસન ઉપર બેઠેલા છે, શિષ્ય નમસ્કાર કરે છે અને ગુરુ તેમના ઉપર હાથ મૂકે છે. વળી, વચમા બીજા આચાર્ય મહારાજ, જેઓ હાથ જોડીને નમસ્કાર કરે છે તેમની સામે ઠવણી-સ્થાપનાચાર્યજી પણ છે. તેવી જ રીતે પહેલી છતમાં પણ એવા જ ભાવો છે.

એક છતમાં-આચાર્ય મહારાજ વ્યાખ્યાન આપી રહ્યા છે અને તેમની આગળ ચતુર્વિધ સંઘ આવીને ઉપદેશ સાંભળી રહ્યા છે. બીજા ભાગમાં આચાર્ય મહારાજ સાધુઓને દેશના આપી રહ્યા હોય એવો દેખાવ છે. ત્રીજામાં દેવીઓની આકૃતિઓ કોતરેલી છે. તેની પાસેના ભાગમાં દેવોના નૃત્યનો દેખાવ આપેલો છે. સાતમાં ભાગમાં ભગવાન મહાવીરસ્વામી દેશના આપી રહ્યા છે. ત્યાં ગણધર ભગવંતો બેઠેલા છે



શ્રી મહાવસ્વામી જિન




યનો ભવ્ય રંગમંડપ

અને શ્રોતાઓ જુદા જુદા વાહનો ઉપર સવારી કરીને દેશના સાંભળવા આવી રહ્યા હોય એવો ભાવ આલેખ્યો છે. આ બધા ભાવો નીચે આરસમાં ભાવોની સમજૂતીના અક્ષરો પણ કોતર્યા છે, અને તેમાં રંગ પૂર્યા છે. આવા ભાવોનું આલેખન બીજે ક્યાંય જોવા મળતું નથી.

સભામંડપમાંથી બહાર નીકળતાં જે ચોકી આવે છે તેમાં બે ગોખલા છે અને ઉપર નાના છ ઘૂમટો છે. તેમાં સભામંડપના બારણા પરનો ઘૂમટ અદ્‌ભૂત કારીગરીવાળો છે. તેમાં આરસના જે પડદા કોતરેલા છે તેની નકલ કાગળ ઉપર પણ કરવી અશક્ય છે. આવો ઘૂમટ ભાગ્યે જ બીજે જોવા મળે. બાકીના પાંચ ઘૂમટમાં પણ અદ્‌ભૂત નકશીભર્યા ભાવો આલેખ્યા છે. તેમાં લટકતું લોલક કમળ છે અને પડદા પણ કોતર્યા છે.

ચોકીથી નીચે ઉતરતાં રંગમંડપમાંના ઘૂમટની કોરણી આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે એવી છે. તેમાં જાણે છીપો જડી હોય એવો દેખાવ કરેલો છે. ઘૂમટની વચ્ચે આરસનું લટકતું ઝુમ્મર કમળ આકારે કોતરેલું છે. આ બધું કલામય દ્રશ્ય તો આબુનાં દેલવાડાનાં મંદિરોથીયે ચડિયાતું હોય એમજણાય છે.

દેવકુલિકાની ભીંતો હાલમાં બંધાયેલી છે, પણ શિખર જૂના પથ્થરના કટકાનું બનેલું છે. ગૂઢમંડપ જૂનો છે. તેને પહેલા બંને બાજુએ બારણાં તથા દાદરો હતા. હાલમાં તે બારણા પૂરી નાખેલાં છે. તેના ઠેકાણે માત્ર બે જાળિયાં રાખેલાં છે, જેથી અંદર અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણું અજવાળું આવી શકે છે. ગૂઢમંડપની બારશાખમાં ઘણું જ કોતરકામ છે પણ દેવકુલિકાઓની બારસાખોમાં નથી.





બારીક કારીગરીનો ઉત્તમ નમૂનો



સ્તંભો સાથે કલાત્મક તોરણ

ડાબી અગર પશ્ચિમબાજુએ બે જૂના સ્તંભોની સાથે બે નવા સ્તંભો છે, જે ઉપરનાં ભાંગેલા ચોરસના આધારરૂપ છે. દક્ષિણ ખૂણાની પૂર્વ બાજુમાં આવેલી ત્રીજી અને ચોથી દેવકુલિકાની બારશાખો બીજી દેવકુલિકાઓ કરતાં વધારે કોતરેલી છે ત્રીજી દેવકુલિકાની આગળ, ઉપરના ચોરસની નીચેની બાજુને અડકનારી એક કમાનના આધારરૂપ સ્તંભો ઉપર બે બાજુએ 'કીચક' (બ્રેકેટ્સ) જોવામાં આવે છે. આ બાબત ખાસ જાણવા જેવી છે, કારણ કે બીજે કોઈ ઠેકાણે અગ્રભાગમાં અગર દેવકુલિકામાં આ પ્રમાણે હોતું નથી.

શ્રી મહાવીરસ્વામી ભગવાન પાસેના મૂળગભારામાં બે સ્તંભો ઉપર સુંદર નકશીવાળું તોરણ હતું તે હાલ સમવસરણના દરવાજા બહાર લાવી ગોઠવ્યું છે. તેના ઉપર સંવત ૧૨૧૩નો લેખ છે.



સ્તંભોની હારમાળા વચ્ચે ગર્ભગૃહ

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર

શ્રી મહાવીરસ્વામી ભગવાનના દેરાસની પૂર્વ બાજુએ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય અને વિશાળ મંદિર છે. આ મંદિરની બાંધણી શ્રી નેમિનાથ ભગવનાનના મંદિર જેવી છે. આ મંદિરની પશ્ચિમદિશાનું બારણું પેઢી આગળના ચોકમાં પડે છે. અને એ બારણાંથી વિશેષ અવરજવર રહેતી હોવાના કારણે ઉત્તર દિશાનું બારણું બંધ રાખવામાં આવ્યું છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, શૃંગારચોકીઓ, બંને તરફ થઈને ૨૪ દેરીઓ, ૧ ગોખલો અને શિખરબંધી બનેલું છે. આખુંયે મંદિર આરસપાષણથી બંધાયું છે.

મૂળગભારામાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સુંદર પરિકરયુક્ત એકતીર્થી મૂર્તિ બિરાજમાન છે. તેના ઉપર શ્રી વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કર્યાનો સંવત ૧૬૭૫ નો લેખ છે.

ગૂઢમંડપમાં શ્રી શાંતિનાથ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરિકરયુક્ત બે કાઉસગ્ગીયા પ્રતિમાઓ છે. તેના ઉપર સંવત ૧૧૭૬ ના લેખો છે. ડાબા હાથ તરફ ત્રણતીર્થી વાળું એક મોટું ખાલી પરિકર સ્થાપન કરેલું છે. તેમાં મૂળનાયકજીની મૂર્તિ નથી. પરિકરમાંથી છૂટી પડી ગયેલી ૩ કાઉસગ્ગિયા પ્રતિમાઓ અને એક અંબાજી માતાની મૂર્તિ પણ છે.

છચોકીઓમાં બંને બાજુના બે ગોખલાઓ પૈકી એક ગોખલામાં આખું પરિકર, સ્તંભો સહિત તોરણ વગેરે સુંદર કોરણીથી ભરેલું છે.

ગૂઢમંડપ અને સભામંડપના ઘૂમટો, છચોકીનો સમ્મુખ ભાગ, છચોકી અને સભામંડપના ચાર સ્તંભો, એક તોરણ, બંને તરફ અને વચ્ચેની એકેક દેરીના દરવાજા, સ્તંભો, ઘૂમટો, માથેનાં શિખરો અને પ્રત્યેક ગુંબજોમાં સુંદર કોતરણી કરેલી છે. સ્તંભો ઉપર દેવીઓ, વિદ્યાધરીઓ તેમજ બીજી કોતરણી છે.

મંદિરમાં ઉત્તર દરવાજાથી પ્રવેશ કરતાં જમણા હાથ તરફ મકરાણાના નકશીદાર બે સ્તંભો ઉપર મનોહર તોરણ છે. તેમાંના એક સ્તંભ ઉપર સંવત-૧૧૮૧ નો લેખ છે.
ગોખલામાં પ્રતિમાજી નથી. એક ગોખલામાં ફક્ત પરિકરવાળી ગાદી જ છે.

ગૂઢમંડપ અને સભામંડપના ઘૂમટો, છચોકીનો સમ્મુખ ભાગ, છચોકી અને સભામંડપના ચાર સ્તંભો, એક તોરણ, બંને તરફ ને વચ્ચેની એકેક દેરીના દરવાજા, સ્તંભો, ઘૂમટો માથેનાં શિખરો અને પ્રત્યેક ગુંબજોમાં સુંદર કોરતણી કરેલી છે. સ્તંભો ઉપર દેવીઓ, વિદ્યાધરીઓ તેમજ બીજી કોતરણી છે.



૧૬ વિદ્યાદેવીઓ સાથે કલાત્મક ગુંબજ

બે દેરીઓમાં ખાલી પબાસન છે. પરિકર નથી. બે દેરીમાં અધુરાં પરિકર છે. બે દેરીઓમાં નકશીદાર સ્તંભો યુક્ત સુંદર તોરણો લાગેલાં છે. બીજી દેરીઓમાં પરિકર અને પબાસણ છે. એક ગોખલામાં પબાસન અને પરિકરની ગાદી છે. દેરીઓમાંની પરિકરની ગાદી ઉપર તેરમી શતાબ્દિના મધ્યભાગના લેખો છે. સંવત-૧૨૫૯ના લેખમાં 'આરાસણમાં માંડલિક પરમાર ધારાવર્ષદેવનું વિજયી રાજ્ય' એમ લખેલું છે.

છેલ્લા ગોખલાના પબાસણની ગાદી ઉપર સંવત-૧૧૬૧ નો લેખ છે.

ગૂઢમંડપનો મુખ્ય દરવાજો અને નકશીવાળી બંને દેરીના દરવાજા માથે ચ્યવન કલ્યાણકનો ભાવ અને ૧૪ સ્વપ્નો કોતરેલા છે.

આ મંદિરના સ્તંભો તથા ગોઠવણી મહાવીરસ્વામી ભગવાનના મંદિરના જેવી છે. પણ શ્રી શાંતિનાથભગવાનના મંદિરની માફક આમાં માત્ર ચાર તોરણો છે. જેમાંથી હાલમાં દેવકુલિકાની પરસાળની સામે આવેલા દાદર ઉપરનું એક જ બચી રહ્યું છે.

આમાં શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યની માફક ઘૂમટની આજુબાજુએ વાંસના સળિયા લગાડેલા છે. દેવકુલિકાનો બહારનો ભાગ તેમજ ગૂઢમંડપનો એક ભાગ અર્વાચીન છે. દાદર સાથે આવેલા બે સ્તંભોની વચ્ચેની એક જૂની બારશાખ ગૂઢમંડપની પશ્ચિમની ભીંતમાં ચણવામાં આવી છે. પણ આ દ્વાર બંધ કરવામાં આવ્યું નથી. ભીંતની બીજી બાજુએ આવી જ બારશાખો ગોઠવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તેમલાગે છે. કારણ કે ભીંત આગળ બે સ્તંભો ઉભા કરવામાં આવ્યા છે.

મૂળ દેવગૃહની બારશાખ ઉપર સારું કોતરકામકરવામાં આવ્યું છે પણ તેના ઉપર પાછળથી ગુજરાતી રીતિ પ્રમાણે રંગ લગાડવામાં આવ્યો છે.

# શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર

શ્રી મહાવીરસ્વામી ભગવાનના દેરાસર આગળ રસ્તો મૂકીને શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર આવેલું છે. તેની રચના ભગવાન મહાવીરસ્વામીના દેરાસર જેવી જ છે. આ દેરાસરને પૂર્વ, પશ્ચિમઅને ઉત્તર તરફનાં દરવાજા ખાસ કામસિવાય બંધ રહે છે. માત્ર પૂર્વ તરફના દરવાજે અવરજવર ચાલુ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, છચોકી, સભામંડપ, મુખ્ય દરવાજાની બંને બાજુએ આવેલી ૧૬ દેરીઓ અને ૧૦ ગોખલાઓ તેમજ શિખરથી સુશોભિત છે. મંદિરની પાછળનો ભાગ ખુલ્લો છે. ત્રણે બાજુના દરવાજાની શૃંગારચોકીઓ વગેરે બધું આરસપાષણથી બનેલું છે.


શ્રી શાંતિનાથ જિનાલયનું ભવ્ય ભીતરી દૃશ્ય

મૂળગભારામાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન પરિકર વિનાની પ્રતિમા બિરાજમાન છે.

ગૂઢમંડપમાં પરિકરમાંથી છૂટા પડેલા ૪ કાઉસગ્ગિયા, ૨ ઇન્દ્રો અને ૧ હાથ જોડીને ઉભેલા શ્રાવકની મૂર્તિ છે. આ બધુંયે ગૂઢમંડપમાં છૂટું મૂકી રાખેલું છે.

મૂળનાયકની નીચેની ગાદી સંવત ૧૩૦૨ નો લેખ છે પણ તે ગાદી જીર્ણોદ્ધાર વખતે ત્યાં લગાવવામાં આવી હશે એમલાગે છે. આરાસણના શ્રાવકોએ ગાદી કરાવેલી છે અને તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભરાવ્યાનું જણાવ્યું છે. જ્યારે મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન છે.

છચોકીઓમાં ગૂઢમંડપના મુખ્ય દરવાજાની બંને બાજુએ સુંદર કોતરણીવાળા બે ગોખલા છે. તે પૈકી એકમાં એકતીર્થીનું ખાલી પરિકર લગાડેલું છે.

છચોકી અને સભામંડપના ગુંબજો તથા સ્તંભોમાં આબુ ઉપરના દેલવાડાના મંદિરો જેવી સુંદર કોતરણી કરેલી છે. તેમાંયે છ સ્તંભોમાં વિશેષ કોતરણી છે.

સભામંડપનું એક તોરણ કોતરણીવાળું છે. ગૂઢમંડપમાં પ્રવેશ કરવાના દરવાજા ઉપર, તેની પાસેના સ્તંભો ઉપર અને છચોકીના નીચેના ભાગમાં પણ કોરણી કરેલી છે.

છચોકી અને સભામંડપની બંને બાજુની છતોના ૧૨ ખંડોમાં પણ આબુ-દેલવાડાનાં મંદિરો જેવા જુદા પ્રકારના સુંદર ભાવો કોતરેલા છે. છતમાં જે ભાવો કોતરેલા છે તેમાં ખાસ કરીને પંચકલ્યાણક સાથેના તીર્થંકરોના વિશિષ્ટ જીવનપ્રસંગો કલ્પસૂત્રમાં નિર્દેશેલી ઘટનાઓ, સ્થૂલિભદ્રનો પ્રસંગ વગેરે ભાવો ઉત્કીર્ણ છે. તે દરેકની નીચે સમજૂતી માટે અક્ષરો કોરેલાં છે.

દરેક દેરીઓ અને ગોખલાઓમાં પબાસણ અને પરિકરો છે. તેમાંથી કેટલીક દેરીઓમાંથી પરિકરોના છૂટા છૂટા ભાગો જ્યાં ત્યાં મૂકેલાં છે. આ મંદિરની દેરીઓની પ્રતિમાઓ ઉપર સંવત–૧૦૮૭, સંવત–૧૧૧૦ તેમજ તે દેરીઓ ઉપર તથા તેની અંદરના પબાસણની ગાદીઓ ઉપર સંવત–૧૧૩૮ ના લેખો છે. આ મૂળ મંદિર તો સંવત–૧૦૮૭ અગર તેથીયે પહેલાં બન્યું હોય એમ લાગે છે.


અહીંનાં બધાં મંદિરોમાંથી મળી આવેલાં લેખોમાં આ દેરાસરના લેખો પ્રાચીન જણાય છે. તેમાં સંવત–૧૦૮૭ નો લેખ સૌથી પ્રાચીન છે.

મંદિરમાં ડાબા હાથ તરફના ખૂણામાં ચતુર્દ્વારની દેરીમાં સમવસરણના આકારવાળા સુંદર કોરણીભર્યા પબાસણમાં નીચે બે ખંડમાં ચારે દિશામાં ત્રણ-ત્રણ જિન પ્રતિમાઓને કોરેલી છે. તેના ઉપર એકજ પથ્થરમાં ત્રણ ગઢયુક્ત ચતુર્મુખ (ચાર પ્રતિમાવાળું) સમવસરણ મૂકેલું છે. તેના પર લેખ છે.

આ મંદિરની બાંધણી અહીંના શ્રી મહાવીરસ્વામી ભગવાનની મંદિર જેવી જ છે. ફરક માત્ર એટલો જ છે કે, ઉપરની કમાનની બન્ને બાજુએ ભગવાન મહાવીરસ્વામીના મંદિરની માફક ત્રણ નહીં પણ ચાર ગોખલા છે. આ દરેક ગોખલામાં સંવત ૧૧૩૮ ના લેખો છે અને એક લેખ સંવત–૧૧૪૬ નો છે. વળી, મંડપના આઠ સ્તંભો, જે અષ્ટકોણાકૃતિમાં છે તે ઘૂમટને ટેકો આપે છે. તેના ઉપર ચાર તોરણો છે. આ બધાં તોરણો તૂટી ગયાં છે. ફક્ત પશ્ચિમતરફનું અવશેષ બચી રહ્યું છે.

પાછળના ખાલી ભાગમાં એક દેરી છે, તેમાં નંદીશ્વરની રચના કરેલી છે. કેટલીક નાની નાની મૂર્તિઓ પણ છે. પણ મોટેભાગે તે ખંડિત થયેલી છે. બહાર ઓટલા ઉપર ગોખલાની ભીંતમાં ચોડેલી મૂર્તિ સૂર્ય યક્ષની છે. તેને કેટલાક 'ગણપતિની મૂર્તિ' કહે છે. તેની બંને બાજુએ ભીંતમાં બીજી કેટલીક મૂર્તિઓ ચોંટાડેલી છે. એમાં એક મૂર્તિ ચામરધારી છે.

આ શાંતિનાથ ભગવાનના મંદિરમાં વસ્તુતઃસર્વ પ્રથમમૂળનાયક શ્રી ઋષભદેવની મૂર્તિ પ્રતિષ્ઠિત હશે. મુનિશ્રી જયંતવિજયજીના પુસ્તક કુંભારિયાનાં પરિશિષ્ટમાં આપેલાં સંવત ૧૧૪૮ ના લેખાંક : ૨૮ (૧૪/૫) માં આ મંદિરનો 'શ્રી મદાદિજિનાલયે' એવો ઉલ્લેખ કરેલો છે. આ સિવાય સંવત વિનાના લેખાંક, ૩૦(૧૫૦) માં ઋષભાલયે એવો ઉલ્લેખ મળે છે એટલે સંવત ૧૧૪૮ પછીના કોઈ સમયે અહીંના મૂળનાયકમાં ફેરફાર થયો હશે.



પ્રવેશ દ્વાર પર ઝળંબતો ભવ્ય ગુંબજ

## શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર

શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરની દક્ષિણે લગભગ બસો વાર દૂર શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર આવેલું છે. બધાં મંદિરો કરતાં આ મંદિરની બાંધણી જુદી પડે છે અને પ્રમાણમાં નાનું પણ છે.

આ મંદિર મૂળગભારો, ગૂઢમંડપ, સભામંડપ, શૃંગારચોકી, કોટ તેમજ શિખરબંધી છે. મંદિરમાં પ્રદક્ષિણા પથ-ભમતી નથી. પાષાણનું છે. દરેક દરવાજામાં પ્રાયઃ કોરણી છે અને શિખરમાં પણ કોરણી કરેલી છે. મૂળગભારામાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. તેને એક પ્રાચીન વેદી ઉપસ બેસાડેલી છે. કોઈને એ મૂર્તિ ઉપર સિંહનું લાંછન જણાતાં તેને મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની મૂર્તિ હોવાનું પણ કહે છે. પરંતુ અત્યારે આ મંદિર શ્રી સંભવનાથ ભગવાનનું કહેવાય છે. પ્રાચીન ગ્રંથો અને 'તીર્થમાળાઓ' માં સંભવનાથના મંદિરનો ઉલ્લેખ નથી. વસ્તુતઃ પ્રાચીનકાળની ચિત્રશૈલીમાં સિંહની આકૃતિ ઘોડા જેવી જ હોય છે એટલે આ મંદિર 'શ્રી મહાવીરસ્વામીનું મંદિર' હશે એમ લાગે છે.

ગૂઢમંડપના એક ગોખલામાં પરિકર સાથેની પંચતીર્થીની એક પ્રતિમા સ્થાપન કરેલી છે. ગૂઢમંડપના દરેક ગોખલામાં મૂર્તિ વિનાનાં ખાલી પરિકરો છે, તેમજ એક શ્રાવક-શ્રાવિકાનું યુગલ છે.

આરાસણનાં આ ચાર મંદિરોનું શિલ્પ-સ્થાપત્ય, સ્તંભો, કમાનો, છતોમાં આલેખેલા ભાવો અને રચના આબુ ઉપરના દેલવાડાના વિમલવસહી મંદિર જેવાં છે એટલે સંવત ૧૦૮૮ માં વિમલવસહીની પ્રતિષ્ઠા થઈ તે પહેલાં એક વર્ષ અગાઉ અહીંના શ્રીશાંતિનાથ ભગવાનના મંદિરમાંથી મળી આવતાં પહેલી દેરીના સંવત ૧૦૮૭ ના લેખના આધારે કહી શકાય કે એ સમય પહેલાં આરાસણમાં મંદિરો બાંધવાનો પ્રારંભ થયો.



પાર્શ્વનાથ જિનાલયનું પ્રવેશ દ્વાર

## ઉપબલ્ધ ઐતિહાસિક ઉલ્લેખો

આ મંદિરો કોણે બંધાવ્યાં એ વિશે કોઈ નિર્ણયાત્મક હકીકત મળી નથી, છતાં શ્રી શીલવિજયજી પોતાની 'તીર્થમાલા'માં નોંધે છે કે

"આરાસણિ છિં વિમલવિહાર, અંબાદેવી ભુવન ઉદાર." (જૂઓ, પ્રાચીન તીર્થમાલા ભાગ-૧, પૃષ્ઠ-૧૦૩, કડી-૩૧)

શ્રી સૌભાગ્યવિજયજીએ સંવત ૧૭૫૦ માં રચેલી "તીર્થમાલા"માં પણ જણાવ્યું છે : "આરાસણ આબુગઢે જે નર ચઢે રે વિમલવસી વિસતાર" વળી, ખીમાકૃત "ચૈત્ય-પરિપાટી" ગાથા : ૧૭ માં જણાવ્યું છે કે "આરાસણિ અરબદ શિરે, વંદુ વિમલવિહાર"

("જૈનયુગ" પુસ્તક : ૪, અંક ૬-૮, પૃષ્ઠ-૨૫૨)

"વિજયપ્રશસ્તિ મહાકાવ્ય" સર્ગ : ૨૧, શ્લોક ૬૦ ની ટીકામાં પણ એજ વાતનું સમર્થન મળે છે. આ બધા ઉલ્લેખો અહીંના બધાં મંદિરો મંત્રી વિમલશાહે બંધાવ્યાનું જણાવે છે.

અહીં ૧૧મી શતકના દ્વિતીય ચરણમાં નન્નાચાર્ય-ગચ્છના આચાર્ય સર્વદેવસૂરિએ, ૧૨મા શતકના દ્વિતીય ચરણમાં વાદીન્દ્ર દેવસૂરિએ, બૃહદ, ચંદ્ર અને મડાહડ આદિ ગચ્છોના સૂરિમુનિઓ એ પણ પ્રતિષ્ઠા કરી છે. સંવત ૧૧૪૮ (ઇ.સ.૧૦૯૨) માં અહીં થારાપદ્ર ગચ્છીય યશોદેવસૂરીએ આરાસણગચ્છ પણ સ્થાપેલો.

માંડવગઢના મંત્રી પેથડના પુત્ર ઝાંઝણ સંવત-૧૩૪૦ (ઇ.સ. ૧૨૬૪)માં અહીં સંઘ લઇ યાત્રાર્થે આવેલા. તે પછી એકાદ બે દાયકામાં ખરતરગચ્છીય જિનચંદ્ર સૂરિ (તૃતીય) અને ત્યાબાદ યુગપ્રધાન આચાર્ય જિનકુશલસૂરિ સંઘ સાથે સંવત–૧૩૭૯ (ઇ.સ. ૧૩૨૩)માં અહીં આવેલા. આ સિવાય ૧૫ મા તેમજ ૧૭ મા શતકની, કેટલીક ચૈત્યપરિપાટીઓમાં આ તીર્થનાં વિદ્યમાન મંદિરોના નામસમેત ઉલ્લેખો મળે છે.





વિશાળ રંગમંડપ


આરાસણમાં સોલંકીઓના સીધા શાસન બાદ, રાજા ભીમદેવ દ્વિતીયના મળતાં સંવત-૧૨૬૩ (ઇ.સ. ૧૨૦૭) ના લેખ પછીથી કે તે આરસામાં આબૂના ઇતિહાસ-પ્રસિદ્ધ પરમાર રાજા ધારાવર્ષદેવનું શાસન થયું હશે તેવું અભિલેખો પરથી જાણવા મળે છે.

૧૩મા શતકના અંત ભાગે થયેલા મુસ્લિમ આક્રમણો આરાસણ પણ ભોગ બન્યું. એની દેવપ્રતિમાઓ ખંડિત થઈ; ને નગરનો પ્રાયઃ નાશ થયો હોય એવું જણાય છે. ૧૪માં શતકના પૂર્વાર્ધમાં ત્રિસંગમક (ત્રિશૃંગમક)ના રાણા મહિપાલદેવના આરાસણ પરના શાસન પછીથી ગામ તેમજ દેવમંદિરો ક્રમશઃ ઉજ્જડ થયાં; છતાં ૧૫મા શતકમાં કોઈ કોઈ જૈન યાત્રીઓ આરાસણ આવતા હશે, પછીથી ગામ ખાલી પડ્યું જણાય છે.

## જીર્ણોદ્ધાર

શ્રી વિજયસેનસૂરિના ઉપદેશથી તારંગા, શંખેશ્વર, સિદ્ધાચલ, પંચાસર, રાણપુર, આરાસણ અને વિજાપુર વગેરનાં મંદિરોના ઉદ્ધાર (સંવત ૧૬૩૯ થી ૧૬૪૩) સુધીમાં થયા.

આ તીર્થનો વહીવટ મુંબઈવાસી શેઠ રાયચંદના હસ્તક આવ્યો. તે પછી અમદાવાદના નગરશેઠે પણ આ તીર્થનો વહીવટ કરવાનું માથે લીધું. છેવટે દાંતાના શ્રી સંઘે અહીંનો વહીવટ કરવા માંડ્યો.



વિશાળ રંગમંડપ

આરાસણના પાસિલ નામક નિર્ધન
શ્રાવકને અણહિલપાટણમાં સિદ્ધરાજ જયસિંહ
દ્વારા પ્રાયઃ વિ.સં. ૧૧૮૩ /ઈ.સ. ૧૧૨૭માં
કારિત રાજવિહારની કોતરણીને ધ્યાનપૂર્વક
નીરખી રહેલો જોઈ અણહિલપાટણમાં
રહેતા કરોડપતિ શ્રેષ્ઠી છાડાની વિધવા
પુત્રી શ્રાવિક હાંસી એ ટોળ કર્યો કે
"આવો પ્રાસાદ બંધાવવા વિચાર કરો છો કે શું!"
નિષ્કિંચન પાસિલે ઉત્તર વાળ્યો કે
'ધન પ્રાપ્ત થાય તો આવશ્ય જિનપ્રાસાદ કરાવું
અને તેની પ્રતિષ્ઠા સમયે તમને તેડાવું.'
દૈવયોગે આર્થિક સ્થિતિ સારી થતાં
પાસિલે આરાસણમાં નેમિનાથના
પ્રાસાદની મોટી માંડણી પર રચના કરાવી.
વડગચ્છીય વાદીન્દ્રદેવસૂરિના હસ્તે સંવત ૧૯૯૩
(ઈ.સ. ૧૧૩૭)માં તેની પ્રતિષ્ઠા કરાવી.
તે સમયે ત્યાં શ્રાવિકા હાંસી પણ
ઉપસ્થિત હતી અને પોતાના સહધર્મીના સુકૃતના
ઉત્સાહથી હર્ષિત - પ્રેરિત થઈ
એણે પોતાના દ્રવ્ય વડે મંદિરની છચોકી
આગળ મેઘનાધ મંડપ ઉમેર્યો.
આ મંદિર ઈ.સન ૧૧૩૫ માં કે તેથી કદાચ
થોડુંક પૂર્વે બંધાઈ ચૂક્યું હોવું જોઈએ.
(ડૉ. મધુસૂદન ઢાંકી સાહેબનું અવલોકન)

સંવત ૧૯૫૭ (ઈ.સ. ૧૯૦૧) માં અહી યાત્રાળુંઓ માટે ધર્મશાળા બની હતી. પછી સંવત-૧૯૭૬ (ઈ.સ. ૧૯૨૦) ની સાલમાં આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી અહીં પધાર્યા. આ ભવ્ય દેરાસરોની દુર્દશા જોઈ તેમને ભારે દુ:ખ થયું.

આચાર્યશ્રીએ એનો જિર્ણોદ્ધાર કરાવવાનો નિર્ણય કર્યો. તેમણે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સભ્યોને કુંભારિયાજીમાં બોલાવ્યા. સૌ એકઠા થયા અને સંવત - ૧૯૭૬ (ઈ.સ. ૧૯૨૦) માં દાંતા શ્રીસંઘે કુંભારિયાનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને સોંપી દીધો.




૨૪ જિન માતૃ પટ્ટ

ઈ.સ. ૧૯૨૧ ની આસપાસ જીર્ણોદ્ધારનું કામશરૂ થયું. ગભારા અને સભામંડપને સાફ કરાવ્યા. આરાસણની ખાણમાંથી આરસ કઢાવવામાં આવ્યો. કુશળ કારીગરોના હાંથે જૂના પડેલા કે તૂટી ગયેલા ભાગનો સમરાવવા માંડ્યો. થાંભલા, પાટ વગેરે નવાં થયાં જૂનાને આંચ ન આવે તે રીતે નવું કામથવા લાગ્યું. આ કામત્રણ વર્ષ સુધી સતત ચાલ્યા કર્યું. સંવત-૧૯૯૦ (ઈ.સ. ૧૯૬૪) માં જૂના ધ્વજ-દંડને સ્થાને નવા ચડાવ્યા. આ રીતે પેઢીએ વહીવટ સંભાળ્યો ત્યારથી આ તીર્થના જિર્ણોદ્ધારમાં લાખો રૂપિયાનો ખરચ કર્યો અને વહીવટી તંત્રને પણ વ્યવસ્થિત કર્યું.

તારીખ ૭-૧૩-૧૯૭૬ ની પેઢીની સામાન્ય સભામાં પોતાનું નિવેદન કરતાં આણંદજી કલ્યાણજી પેઢીના ત્યારના પ્રમુખ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ જણાવ્યું હતું કે

"કુંભારિયાજીમાં આપણાં પાંચ મંદિરો છે. તેમાંના એક મંદિરોનો થોડાં વર્ષો ઉપર જિર્ણોદ્ધાર કરાવવામાં આવેલ. તેમાં પાશ્ચિમાત્ય શિલ્પ દાખલ કરેલું. તે મે કઢાવી નાંખી આપણા જૈન શિલ્પના જેવું કરાવ્યું. તે ઉપરાંત બીજા મંદિરોમાં જે મરામતની જરૂર હતી તે પૂરી કરાવી. કમ્પાઉન્ડમાં ઝાડો વવરાવ્યાં આપણી મિલ્કતમાં ભવિષ્યમાં કોઈ ડખલ કરતું ના આવે તે સારૂ કોટ બંધાવી લીધો. એક છેડા ઉપર શિવમંદિર હતું તે આપણી મિલ્કત ન હતી. જેથી એને કોટની બહાર રાખી લીધું. આ કામ બે વર્ષ ચાલ્યું અને તેમાં ૧,૩૩,૦૦૦ રૂપિયા ખર્ચ થયો."


દ્વારપાળ ઈન્દ્રો



## ધર્મશાળા અને ભોજનશાળા

હાલમાં આ તીર્થનો સારો એવો વિકાસ થયો છે. યાત્રિકો માટે આ તીર્થમાં રહેવાની બધી સગવડતા ઉપલબ્ધ છે.

આ તીર્થમાં ૨ ધર્મશાળાઓ છે. - એક ધર્મશાળામાં 8 મોટા બ્લોક છે. અન્ય ધર્મશાળામાં ૧૬ સેમી બ્લોક છે. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબને ઉતરવા માટે અલગ ઉપાશ્રય ઉપલબ્ધ છે. અહીં ભોજનશાળા પણ છે. જ્યાં યાત્રિકો માટે નવકારશી તથા જમવાની સગવડ છે. દર વરસે અંદાજે **૧૫ હજારથી વધારે** મોટી સંખ્યામાં યાત્રાળુ ભાઈ બહેનો તીર્થની સ્પર્શના કરવા પધારે છે.



કાર્યાલય





અંતર :

અમદાવાદથી કુંભરીયાજી તીર્થનું અંતર
(વાયા હિંમતનગર) ૧૮૦ કિ.મી.
(વાયા મહેસાણા) ૨૦૦ કિ.મી.

**કુંભરીયાજીથી આજુબાજુના તીર્થો :**

અંબાજી ૨ કિ.મી. / મોટા પોસીના ૩૦ કિ.મી.
નાના પોસીના ૫૦ કિ.મી. / તારંગાજી ૫૫ કિ.મી.
ઈડર ૨૬૦ કિ.મી. / પાલનપુર ૬૦ કિ.મી.
આબુરોડ ૨૨ કિ.મી. / માઉન્ટ આબુ ૫૦ કિ.મી.
પાવાપુરી તીર્થ ૭૦ કિ.મી.

**સંપર્ક :**
**શ્રી કુંભારીયાજી તીર્થ,**
**શેઠ આણંદજી કલ્યાણજી,**
**પો.અંબાજી, પીન-૩૮૫૧૧૦, વાયા - પાલનપુર**
**ફોન નં. : ૦૭૪૯ – ૨૬૨૧૭૮**
**મોબાઈલ : ૩૪૨૮૦૦૦૬૧૦**







# શ્રી કુંભારીયાજી તીર્થ

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી
પો. અંબાજી, પીન- ૩૮૫૧૧૦,
વાયા - પાલનપુર
ફોન નં.: ૦૭૪૯ - ૨૬૨૧૭૮
મો.: ૩૪૨૮૦૦૦૬૧૦